## ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૩૩.૪ ડીગ્રી
લઘુતમ : ૨૧.૨ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૬૮ ટકા

# શહેરમાં ફટાકડા બજારનો શુભારંભ

## આ વર્ષે સ્પાર્કલ પેન્સિલ બજારમાં નવી : પોપપોપ બાળકોમાં ફેવરિટ





ગાંધીનગર, તા.૨૩
દિવાળી આવવાના અમુક દિવસો પહેલા જ શહેરમાં દિવાળીનું વાતાવરણ જોવા મળે છે. દિવાળીની ખરીદીમાં ફટાકડાની ખરીદીનો ક્રેઝ બાળકોથી લઈ મોટાઓમાં જોવા મળે છે. ઉત્સવને ઉજવવા માટે ફટાકડા દ્વારા રોશની કરીને ખુશી વ્યકત કરવાની મજા કાંઈક અલગ જ છે. શહેરમાં દિવાળી પૂર્વે જ ફટાકડાના સ્ટોલ લાગવાની શરૂઆત થઈ ચુકી છે. તારામંડળથી લઈ આતશબાજીનો ભાવ ૧૦ રૂ.થી લઈ ૨૦૦૦ રૂ. સુધીનો છે.

ઉત્સવનો પૂંજ દિવાળી-જે ઉજવવાનો અનેરો ઉત્સાહ શહેરીજનોમાં જોવા મળે છે. દીવડાથી લઈ ઘર સજાવટ સાથે દિવાળીમાં ફોડાતા ફટાકડાનું મહત્વ નાનેરાથી લઈ મોટામાં અનોખું હોય છે. બાળકો તો સ્કૂલમાં દિવાળી વેકેશન પડતાની સાથે જ ટીકડી, ટેટા અને બંદૂકમાં રોલ ફોડવાની મજા લઈ રહ્યા છે. આ સાથે માતા-પિતા સામે જલ્દી વધુ ફટાકડા અપાવવાની જીદ પણ કરી રહ્યા છે. શહેરમાં અત્યારથી જ ફટાકાડના સ્ટોલ દરેક સેકટરોમાં લાગી ગયા છે. નાનાથી લઈ મોટા ફટાકડા શહેરમાં દર વર્ષે વેચાય છે. આ વર્ષે પણ નવા માલ સાથે વેપારીઓ શહેરના બજારમાં ફટાકડાના સ્ટોલમાં ફટાકડાની ગોઠવણ કરી રહ્યા છે. સાપોલિયા, તારામંડળ, ચકરી, પેન્સિલ, બોમ્બ, કોઠી, મ્યુઝિકલ કોઠી, દોરી સાથે રોકેટ અને આતશબાજી સાથે ફટાકડા શહેરના બજારમાં વેચાઈ રહ્યા છે. જેમાં નાના બાળકોમાં પોપપોપ એ આકર્ષણ જમાવ્યું છે. આ વર્ષે સ્પાર્કલ કરતી પેન્સિલ એ બજારમાં નવું સ્થાન લીધુ છે. જે ૨૦૦ રૂ.માં ૨ નંગ એ મળી રહી છે. શહેરમાં વર્ષોથી ફટાકડાનો વેપાર કરતા કરણ પટેલના જણાવ્યા અનુસાર આ વર્ષે વરસાદના વધુ પ્રમાણને કારણે ફટાકડાનું પ્રોડકશન ઓછું છે પરંતુ દર વર્ષ જેવા જ ફટાકડા આ વર્ષે બજારમાં ઉપલબ્ધ રહેશે અને આ વર્ષે ફટાકડામાં સ્પાર્કલ પેન્સિલ ખરીદનારાઓમાં આકર્ષણનું કેન્દ્ર રહી શકે.

| ફટાકડા | ભાવ |
|---|---|
| તારા મંડળ | ૧૦૦ રૂ. (૧૦ નંગ) |
| બોમ્બ | ૫૦ થી ૫૦ રૂ. (બોક્સ) |
| કોઠી | નાની ૪૦ થી ૩૦૦ રૂ. |
| | મોટી ૨૦૦ થી ૩૦૦ રૂ. |
| માટલા કોઠી | ૨૦૦ થી ૩૦૦ રૂ. (૫ નંગ) |
| ચકરડી | ૪૦ થી ૧૫૦ રૂ. |
| મ્યુઝિક ચકરડી | ૧૫૦ રૂ. |
| દોરી | ૨૦ થી ૮૦ રૂ. |
| પેન્સિલ | ૬૦ થી ૪૦૦ રૂ. |
| આતશબાજી | ૨૦૦ થી ૮૦૦ રૂ |
| | (શોટ મુજબ ભાવ) |
| રોકેટ | નાના ૮૦ થી ૧૦૦ રૂ. |
| | મોટા ૧૫ થી ૨૦૦ રૂ. |
| પોપપોપ | નાના ૧૦ રૂ. (૧ નંગ) |
| | મોટા રૂ. ૨૦ (૧ નંગ) |

# પુષ્યનક્ષત્ર નિમિત્તે ગોલ્ડ બજારમાં તેજી

## સોનાના ભાવમાં વધારો કે કહેવાતી મંદીની ગોલ્ડ માર્કેટ પર કોઈ વિશેષ અસર જોવા મળી ન હતી

ગાંધીનગર, તા.૨૩
દિવાળીના તહેવારના મહત્વની સાથે તેના સાથે જોડાયેલ તિથી-વાર અને મુહુર્તનું પણ તેટલું જ મહત્વ રહેલું છે. આ વર્ષે સોમવારે સોમ પુષ્ય અને મંગળવારે ભૌમ પુષ્ય મુર્હુત હતા. આ દિવસ ખરીદી માટે એમાંય સોના-ચાંદીની ખરીદી માટે ખુબ જ શુભ માનવામાં આવે છે. દિવાળીના પહેલા આવતા પુષ્યનક્ષત્રમાં કરવામાં આવતી દરેક પ્રકારની ખરીદી કરતા તેમાં વૃધ્ધિ પ્રાપ્ત થાય છે. જેને અનુલક્ષીને શહેરના સોના-ચાંદી-બજારમાં પણ આ દિવસે ભીડ જોવા મળી હતી.

દિવાળી પહેલા આવતા પુષ્યનક્ષત્રનું મહત્વ ભારતીય સંસ્કૃતિમાં રહેલું છે. આ દિવસે જે કોઈપણ વસ્તુની ખરીદી કરવામાં આવે તેમાં વૃધ્ધિ થાય તેવું માનવામાં આવે છે. આ સંદર્ભે શહેરીજનો શહેરના સોના-ચાંદી બજારમાં ખરીદી કરવા માટે ઉમટી પડયા હતા. શહેરના દરેક જવેલર્સમાં ભીડ જોવા મળી હતી. સોનાના ભાવમાં વધારો કે કહેવાતી મંદીની સોના બજારમાં કોઈ વિશેષ અસર જણાઈ ન હતી. શહેરના જાણીતા વેપારી અને જલિયાણ જવેલર્સના માલિક નવીનભાઈ ઠકકરના જણાવ્યા અનુસાર દર વર્ષની જેમ આ વર્ષે પણ સોના-ચાંદીની ખરીદીમાં ગ્રાહકોની ભીડ રહી હતી. સવારથી જ ગ્રાહકો વિવિધ પ્રકારના ઘરેણાં ખરીદવા માટે શૉ-રૂમ પર આવી પહોંચ્યા હતા. પરિવાર સાથે ખરીદી કરવા આવનાર દરેક સોનું ખરીદવા માટે વધુ ઉત્સુક જણાયા હતા. આ ઉપરાંત શહેરના શ્રીજી ગોલ્ડ સે-૨૬ના માલિક દિનેશભાઈ સોનીના જણાવ્યા અનુસાર પુષ્યનક્ષત્રમાં સોના-ચાંદીની ખરીદી માટે ગ્રાહકોની વિશિષ્ટ ભીડ જોવા મળી. સવારે ૭.૩૦ વાગ્યાથી રાત્રીના દસ વાગ્યા સુધી સતત ગ્રાહકોનો ધસારો રહ્યો હતો. સોનાના ભાવમાં વધારાની સોના-ચાંદીના માર્કેટ પર કોઈ વિશેષ અસર જોવા મળી ન હતી.

# સે-૨૬માં ધાર્મિક હેતુ માટે જગ્યા ફળવાતા રહીશોમાં હર્ષ

ગાંધીનગર, તા.૨૩
તહેવારોનું મહત્વ શહેરીજનોમાં અનોખું હોય છે. તેમાંય ભેગા મળી તહેવારોની ઉજવણી કરવાની જગ્યા મળી જાય તો તે વાતનો આનંદ જ કાંઈક ઓર હોય છે. સે-૨૬ કિસાનનગર વસાહત મંડળ દ્વારા છેલ્લા ઘણાં સમયથી ધાર્મિક હેતુની જગ્યા નવરાત્રી ચોકમાં ફાળવવા માટે રજૂઆત કરવામાં આવી હતી જેની મંજૂરી મળતા સેકટરવાસીઓ હર્ષની લાગણી અનુભવે છે.

શહેરના સે-૨૬ સ્થિત કિસાનનગરના કિસાનનગર વસાહત મંડળ દ્વારા છેલ્લા કેટલાક સમયથી ધાર્મિક હેતુ માટે જગ્યા નવરાત્રી ચોકમાં ફાળવવા માટેસરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. જેમાં શહેર ભાજપના પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ અને સંગઠનના કાર્યકરો તથા બીજેપીના અગ્રણીઓની રજૂઆતના પગલે નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ દ્વારા સે-૨૬ નવરાત્રી ચોકમાં ધાર્મિક હેતુ માટે જગ્યા ફાળવી છે. જે બદલ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ તથા ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર રીટાબેન પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા, વોર્ડનં.૧ના પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલ તથા બીજેપીના તમામ અગ્રણીઓનો કિસાનનગર વસાહત મંડળ દ્વારા આભાર વ્યકત કરવામાં આવ્યો છે.

## ડુંગરી ગરાસિયા સેવા સમાજની કારોબારી સમિતિના હોદ્દેદારોની વરણી કરાઈ

ગાંધીનગર, તા. ૨૩
ગાંધીનગર ખાતેથી કાર્યરત શ્રી ડુંગરી ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટની ગુજરાત રાજ્ય એકમની સામાન્ય સભા તા. ૧૩મી સપ્ટેમ્બરના રોજ યોજાઈ હતી જેમાં સર્વાનુમતે કારોબારી સમિતિની વરણી કરવામાં આવી હતી. આ કારોબારી સમિતિની બેઠક ગઈકાલે તા. ૨૨મી સપ્ટેમ્બર મંગળવારે યોજાઈ ગઈ જેમાં સર્વાનુમતે સમિતિના હોદ્દેદારોની નિયુક્તિ કરી કાર્યવાહક મંડળની રચના કરવામાં આવી છે.

શ્રી ડુંગરી ગરાસિયા સેવા સમાજની કારોબારી સમિતિના પ્રમુખપદે ભરતભાઈ વી. મોડિયા, ઉપપ્રમુખ પદે સુરપાલભાઈ એન. આસોડા, મંત્રીપદે ગુણવંતભાઈ ડી. ભગોરા, સહમંત્રી પદે ડી.ડી. અસારી, આંતરિક અન્વેષકપદે ધીરૂભાઈ કે. ડામોર, કોષાધ્યક્ષ પદે નરસિંહભાઈ એસ. નિનામા અને સંગઠન મંત્રી કાંતિભાઈ બી. ડામોરની વરણી કરવામાં આવી છે.



પુષ્યનક્ષત્રમાં બાળકોને સુવર્ણ પ્રાશન કરાવવાના અનેક ફાયદાઓ છે. પુણ્યનક્ષત્ર અન્વયે સેકટર-૨૨ની આર્યુવેદિક હોસ્પિટલ ખાતે નાના બાળકોને ડૉ. રાકેશ ભટ્ટે સુવર્ણપ્રાશન કરાવ્યું હતું.

## સે. ૨૩ સ્વામિનારાયણ મંદિર ખાતે દિવાળી દરમિયાન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૩
ભારતીય સંસ્કૃતિના જીવંત ઉત્સવોમાં અભિવ્યક્ત થતો તહેવાર એટલે દિવાળી. જે નિમિત્તે શહેરના સે. ૨૩ સ્થિત સ્વામિનારાયણ મંદિર ખાતે તા. ૨૫ ઓક્ટો. ધનતેરશથી લઈ તા. ૨૮ ઓક્ટો. નૂતન વર્ષ સુધી વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે.

શહેરના સે. ૨૩ સ્થિત સ્વામિનારાયણ મંદિર ખાતે દિવાળી પર્વ નિમિત્તે તા. ૨૫ ઓક્ટોબરને ધનતેરસ નિમિત્તે દર્શન, તા. ૨૬ ઓક્ટોબરને કાળી ચૌદશે સાંજે ૭.૧૫ વાગ્યે હનુમાનજીનું વિધિ સહિત વિશેષ પૂજન આરતી તથા શોભા યોજાશે. તા. ૨૭ ઓક્ટોબર દિવાળીના દિવસે સવારે ૧૦ વાગ્યે અન્નકુટ આરતી તથા ૧૦થી ૧૨.૩૦ વાગ્યા સુધી અન્નકુટ દર્શન થશે. નૂતન વર્ષ તા. ૨૮ ઓક્ટોબરના રોજ સવારે ૬ વાગ્યે મંગળા આરતી દર્શન તથા સાકર પ્રસાદ વર્ષા અને ભક્ત મિલન મહોત્સવ યોજાશે. ઉલ્લેખનીય છે કે આ વર્ષે વચનામૃતની ૨૦૦મી જન્મ જયંતિ છે.

# શહેરમાંથી નકલી ડીવાયએસઓ ઝડપાયા

## આઈ-૨૦ કાર પર ''ગવર્મેન્ટ ઓફ ગુજરાત'' લખી રોફ મારતા હતા






ગાંધીનગર, તા.૨૩
આજના હાઈટેક યુગમાં દરેક નાગરીકને ગણતરીના સમયમાં શોર્ટકટ અપનાવી રાતોરાત પૈસાદાર બની જવું હોય છે. શોર્ટકટ રૂપિયા કમાવવા માટે અને ખોટો રૂઆબ દેખાડવા માટે ગુનાહિત કૃત્ય કરતા પણ અચકાતા નથી. ત્યારે ટુંકા ગાળામાં પદ અને પ્રતિષ્ઠા સહિત પૈસાદાર બનતા નાગરીકો કયારેક જેલના સળીયા પાછળ પણ ધકેલાઈ જાય છે. ત્યારે ગાંધીનગર શહેરમાં નકલી ડીવાયએસઓ તરીકે ઓળખ આપી ગાડી ઉપર ''ગવર્મેન્ટ ઓફ ગુજરાત'' લખાવી રોફ જમાવતા એક યુવાનને એલસીબી પોલીસે પકડી પાડ્યો છે. પોલીસે આ યુવાન પાસેથી ખોટુ ઓળખકાર્ડ અને વાહન કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ જેના મનમાં માનવતા મરી પરવારી છે અને કાયદાનો ડર રહ્યો નથી તે વ્યકિત ખોટુ કરતા પણ અચકાતો નથી. ત્યારે મુળ બનાસકાંઠા જિલ્લાનો અને શહેરના સેકટર-૩ બી પ્લોટ નં.૧૩૮૬-૧ ખાતે ભાડે રહેતા રમેશભાઈ માધાભાઈ ચૌધરી નકલી ડીવાયએસઓ બનીને નગરમાં નાગરીકો પર રોફ મારે છે. શહેરમાં મીનીસ્ટ્રી ઓફ અફેર્સ વિભાગમાં ડેપ્યુટી એસ.ઓ. તરીકે ખોટો હોદ્દો ધારણ કરીને પોતાની આઈ-૨૦ કાર નં. જી.જે.સી.જી.-૫૮૧૧ પર ગવર્મેન્ટ ઓફ ગુજરાત લખીને યુવાન બિન્દાસ ફરે છે તેવી માહિતી પોલીસને મળી હતી. જેને પગલે એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ વી.કે.રાઠોડ, પો.કો.અનુપસિંહ, દિગ્વિજયસિંહ, અનોપસિંહ પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન પુછપરછ માટે લાવવામાં આવ્યો હતો. ત્યારબાદ ખુલાસો થયો હતો કે રમેશભાઈને ખુબ જ ટુંકાગાળામાં લખપતિ બની જવું હતું અને નાગરીકો પર ખોટ રોફ જમાવવાની આદત હતી જેથી તેઓ બની ગયા નકલી ડીવાયએસઓ. પરંતુ યુવાને નકલી આઈકાર્ડ પણ બનાવ્યું હતું. પોલીસે સામાન્ય વહીવટી વિભાગમાં કાર્ડની ખરાઈ કરાવી હતી. જેથી જાણવા મળ્યું હતું કે આઈકાર્ડ ખોટુ હોવાનું સામે આવ્યું હતું. બનાવ અંગે સે-૭ પોલીસ મથકે ગુનો નોંધી નકલી ડીવાયએસઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. ત્યારે પોલીસની પ્રાથમિક તપાસમાં આરોપી યુવક સુખી-સંપન્ન ઘરનો છે અને છેલ્લા કેટલાક સમયથી ગાંધીનગરમાં રહીને સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારીઓ કરે છે.

# દિવાળી પૂર્વે સચિવાલયથી માંડીને તમામ સરકારી કાર્યાલયોમાં પેકેટસની બોલબાલા...!!!

## કામ કરવા-કરાવવા કરતા અત્યારે 'વહેવાર' સાચવી લેવા દોડધામ કરનારાઓની અવરજવર સૌથી વધુ

ગાંધીનગર, તા.૨૩
લો આવી ગઈ દિવાળી... અને દિવાળી એટલે માત્ર દિપોત્સવ નહીં પરંતુ સરકારી કાર્યાલયોથી માંડીને નાના-મોટા વ્યવસાયિક એકમો સહિત સંબંધ સાચવવા 'ચા-પાણી'થી માંડીને મીઠાઈ-ગીફટ કે 'વહેવાર' સાચવી લેવાનો વહીવટ. અત્યારે દિવાળી પૂર્વેના આ ગણતરીના સમયમાં પાટનગરના જૂના-નવા સચિવાલય સહિતની વિવિધ સરકારી અર્ધસરકારી કચેરીઓમાં 'પેકેટસ' અથવા 'કવર'ની બોલબોલા જોવા મળી રહી છે. જેમ જેમ દિવાળી નજીક આવતી જાય છે તેમ તેમ તેજ ગતિવિધિમાં પરિવર્તિત થઈ રહી છે અને 'મંત્રી'થી માંડીને 'સંત્રી' સુધી સૌ કોઈનું ધ્યાન આ બાબતમાં જ પરોવાયેલું જોવા મળી રહ્યું છે.

ગુજરાત રાજયનું પાટનગર ગાંધીનગર હોવાને કારણે અહીં વિધાનસભાથી માંડીને નવા-જૂના સચિવાલય, સરકારી ભવનો જેવા કે ઉદ્યોગભવન સહિતની સરકારી અર્ધસરકારી કચેરીઓમાં નાના-મોટા વેપારીઓ દ્વારા વર્ષ દરમિયાન પોતાનું કામ કઢાવવામાં મદદરૂપ થયેલાં સરકારી કર્મચારીઓ-અધિકારીઓ વગેરેને 'સાચવી' લેવા દોડધામ કરતાં જોવા મળી રહ્યા છે તેજ રીતે સરકારમાં વગદાર અધિકારીઓને કાઢી આપવા બદલ આભારની લાગણી વ્યકત કરવા નવા સંબંધ બાંધવા, ભવિષ્યમાં કામ પડશે તેવી આશા સાથે મિઠાઈના પેકેટસ કે કોઈ ચીજવસ્તુની ગીફટ દિવાળી ટાણે આપવામાં આવતી હોય છે, વળી કેટલાંક વ્યવસાયિક એકમો દ્વારા આ સમયે નવા સંબંધો બાંધવાની તકના ભાગરૂપે આ વહેવાર કરવામાં આવતો હોય છે. આ કારણે હાલ નવા સચિવાલય સંકુલ, જુના સચિવાલય તેમજ અન્ય સરકારી અર્ધસરકારી કાર્યાલયોના પરિસરમાં સુંદર મજાના રંગબેરંગી આકર્ષક ચળકતાં કાગળોમાં લપેટાયેલી ગીફટ-ભેટ તેમજ મિઠાઈ-ડ્રાયફ્રુટસના બોકસ વગેરે લઈને આવતી જતી વ્યકિતઓ વધુ જોવા મળી રહી છે. વળી આ સાથે નાના કર્મચારીઓ માટે અલગ કેટેગરીની ગીફટ મિઠાઈ કે રોકડાનું 'કવર' પણ કરવામાં આવતું હોય છે જેની લેવડ દેવડ શકય હોય ત્યાં સુધી છુપી રીતે કરવામાં આવતી હોય છે. વિવિધ કામના કોન્ટ્રાકટરો, ટેન્ડર મુજબની ચીજવસ્તુઓના સપ્લાયર્સ, લેબર-સિકયુરિટી કે આઉટ સોર્સિંગ જેવી સર્વિસ પુરી પાડતા મેન પાવરના કોન્ટ્રાકટર્સ વગેરે અત્યારે 'વહેવાર' પતાવવામાં જ વ્યસ્ત જોવા મળી રહ્યા છે. જેને પગલે સ્વર્ણિમ સંકુલથી માંડીને સચિવાલય સુધી આ પ્રકારની અવરજવર જ વધુ જોવા મળી રહી છે.

### મિઠાઈના બદલે ડ્રાયફ્રુટસ અને ગીફટસમાં ઈલેકટ્રોનિસ આઈટમ્સનું ચલણ

દિવાળી ટાણે આમ તો મિઠાઈ આપી મ્હોં મીઠું કરાવવાની પ્રથા સૌથી જુની છે. પરંતુ કેટલાંક વર્ષોથી તેમાં ડ્રાયફ્રુટસ કે મોંઘી ચોકલેટસ વગેરેનું ચલણ પણ વધ્યુ છે. વળી ગીફટસમાં મોબાઈલના હેન્ડસ ફ્રીથી માંડીને મોબાઈલ ઈન્સ્ટ્રુટમેન્ટ તથા સ્માર્ટ વૉચ જેવા ગેઝેટસ સુધીની ભેટ આપવામાં આવી રહી છે તેમજ ઈલેકટ્રોનિકસ સિવાય કિચનમાં કામ લાગે તેવા ઉપકરણો તેમજ વસ્ત્રો કે સુશોભનની ચીજવસ્તુઓનો પણ સમાવેશ થાય છે.

## મુવી હાઉસ

### પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧

● વોર
૯.૩૦, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦
● છીછોરે
૧.૦૦
● ધ સ્કાય ઈઝ પિન્ક
૭.૦૦
● લાલ કપ્તાન
૧૦.૦૦, ૪.૧૫, ૧૦.૧૫
● ડ્રીમગર્લ
૧.૧૫
● રઘુ સીએનજી (ગુજરાતી)
૭.૩૦
● ઘોસ્ટ
૧૧.૩૦, ૮.૦૦
● પી સે પ્યાર એફ સે ફરાર
૨.૧૫
● જોકર (અંગ્રેજી)
૫.૧૫, ૧૦.૪૫

### આર વર્લ્ડ, આઈનોકસ, સે-૨૧

● લાલ કપ્તાન
૧.૨૫, ૭.૨૦, ૧૦.૩૦
● ઘોસ્ટ
૧૧.૨૫, ૪.૩૫
● રઘુ સીએનજી (ગુજરાતી)
૮.૦૦
● વોર
૯.૪૫, ૧૨.૫૦, ૩.૫૫, ૪.૫૫, ૭.૦૫, ૧૦.૧૫
● ધ સ્કાય ઈઝ પિન્ક
૧૦.૨૦, ૧૦.૩૦
● જોકર (અંગ્રેજી)
૧૦.૦૫, ૨.૫૫, ૭.૫૦, ૧૦.૩૦

### આર વર્લ્ડ, આઈનોકસ, સે-૧૬

● લાલ કપ્તાન
૯.૦૦, ૩.૧૫, ૬.૩૫, ૯.૪૫
● ઘોસ્ટ
૯.૩૫, ૨.૫૫, ૧૦.૫૦
● પી સે પ્યાર એફ સે ફરાર
૧૨.૧૫, ૫.૩૫
● લાઈફ મેં ટાઈમ નહીં કે કીસી કો
૧૧.૩૫
● વોર
૯.૪૫, ૧૨.૦૦, ૧૨.૫૦, ૩.૫૫, ૭.૦૦, ૯.૦૫, ૧૦.૦૫
● ધ સ્કાય ઈઝ પિન્ક
૯.૪૫, ૩.૦૫, ૬.૦૫
● રઘુ સીએનજી (ગુજરાતી)
૯.૪૫
● જોકર (અંગ્રેજી)
૧૨.૪૫, ૮.૧૫

## આજે ગાંધીનગરમાં

● સંસ્કાર ગ્રુપના બાળકો દ્વારા બનાવેલ દિવાળી કાર્ડનું નિરીક્ષણ અને માર્ગદર્શન સવારે ૯ થી ૧૦ વાગ્યા દરમિયાન સે-૭ સ્થિત બગીચા ખાતે કરવામાં આવશે.

● મા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા જયાબેન ગોસ્વામીના નિવાસસ્થાન સે-૨-ડી પ્લોટ નં. ૧૬૭૬/૧ ખાતે બપોરે ૨.૩૦ થી ૫ દરમિયાન મધુબેન કે. કડીકરના કંઠે આનંદનો ગરબો યોજાશે.

## લેકાવાડા ગામના ખેતરમાંથી ૬૦ બોટલ દારૂ મળી આવ્યો

ગાંધીનગર, તા.૨૩
ગાંધીનગર નજીક આવેલા લેકાવાડા ગામે ખેતરમાંથી સંતાડેલો ૬૦ બોટલ વિદેશી દારૂ ચિલોડા પોલીસના હાથે પકડાઈ છે. ચિલોડા પોલીસના હે.કો. જયેન્દ્રભાઈને બાતમી મળી હતી કે લેકાવાડા ગામમાં મહાકાળી મંદિર પાસે આવેલા એરંડાના ખેતરમાં દારૂ સંતાડ્યો છે. જેને પગલે પોલીસે રેઈડ કરીને ખેતરમાં ચાસ વચ્ચે સંતાડેલ ૫ પેટી વિદેશી દારૂ મળી આવ્યો હતો. ખેતર લેકાવાડા ગામના ખેડુતનું છે. પરંતુ તેમાં ગામનો જ દિલિપસિંહ મગનસિંહ વાઘેલા વાવેતર કરતો હતો. જે પોલીસની રેડ દરમિયાન મળી આવ્યો ન હતો. પોલીસે રૂ. ૨૧૦૦૦ હજારની કિંમતની ૬૦ વિદેશી દારૂની બોટલ કબ્જે કરી આરોપી સામે પ્રોહી. એકટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.